પરિપત્ર

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ઈ-મેઈલ:dir-sd@gujarat.gov.in

નં.સસુખા/ અપગ/પરીપત્ર/૨૦૧૮-૧૯/ ૫૨૬૫ તારીખ. : ૦૭/૦૮/૨૦૧૮

વિષયઃ- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હેઠળ ૧૦૦% ગ્રાન્ટ મેળવવાની વિકલાંગ કલ્યાણ ક્ષેત્રની સ્વૈ. સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવા બાબતે અને ૧૧ માસ કરાર આધારિત જગ્યાઓના પગાર વધારા અંગે

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીના આદેશ નં અપગ/૨૧૬૯ તા-૯/૪/૧૮
(૨) અત્રેની કચેરીના પત્ર નં અપગ/ 30 તા-૭/૨/૧૮

નિયામક સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈ. સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે સા.ન્યા.અને અધિ.વિભાગ, ગાંધીનગરે ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૬/૬૮૦૧૧૮/છ.૧ તા-03/૦૮/૧૮થી આપની સંસ્થામાં ફરજો બજાવતા વર્ગ-3,૪ના કર્મચારીઓને સાતમા કેન્દ્રિયપગાર પંચની ભલામણોને આધારે ગુજરાત રાજ્ય સુધારેલ પગાર ધોરણ નિયમ-૨૦૧૬ અન્વયે નવા પગાર ધોરણો લાગુ પાડવા બાબતની મંજુરી આપેલ છે.

અત્રેથી સાતમા પગાર પંચની મંજુરી અર્થે સંદર્ભ-૧માં દર્શાવેલ અત્રેની કચેરીના આદેશથી સંસ્થાઓમાં તા-૭/૧/૧૦ની સ્થિતિએ તા-૭/૧/૧૦ પહેલા ખાલી રહેલ જગ્યાઓ રદ કરવાના આદેશ કરેલ હતા તેમજ અત્રેથી સંદર્ભ-૨માં દર્શાવેલ પત્રથી ૧૧ માસ કરાર આધારિત ફરજો બજાવતા કર્મચારીઓના કરારના સમય ગાળાના પગાર વધારાની મંજુરી અર્થે વિભાગમાં દરખાસ્ત મોકલેલ હોઇ સંસ્થામાં સંબધિત કામગીરી સંભાળતા કર્મચારીને આ સાથે સામેલ રાખેલ પ્રથમ ફોલ્ડરમાં પત્રક -૧ થી ૬માં મહેકમની માહિતી શ્રુતિ ફોન્ટ(૧૨)માં EXCEL SHEETમાં ફોલ્ડરમાં સંસ્થાનો કોડ નંબર લખીને તમામ ૧ થી ૬ અલગ અલગ SHEETનો SHEET મુજબ સમાવેશ કરીને તેમજ બીજા ફોલ્ડરમાં સંસ્થાની માહિતી સામેલ વર્ડ ફોર્મેટના પત્રક પ્રમાણે તેમ બે પ્રકારની માહિતી અગાઉ ઉપયોગ ન કરેલ હોય અથવા એન્ટી વાઇરલ કરેલ પેન ડ્રાઇવમાં વધારાના ફોલ્ડર ડીલીટ કરીને ૧-સોફ્ટ કોપી અને ૧-હાર્ડ કોપીમાં તૈયાર કરી અત્રે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ નં. | સંસ્થાને ડી.પી.સેલ શાખાએ ફાળવેલ કોડ નં | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | PH 1 થી PH 7 | ૧૩/૮/૨૦૧૮ | ૧૨:00 થી ૧૪:00 |
| ૨ | PH 8 થી PH 14 | ૧૩/૮/૨૦૧૮ | ૧૫:00 થી ૧૭:00 |
| 3 | MR 1 થી MR 10 | ૧૪/૮/૨૦૧૮ | ૧૨:00 થી ૧૪:00 |
| ૪ | MR 11 થી MR 20 | ૧૪/૮/૨૦૧૮ | ૧૫:00 થી ૧૭:00 |
| ૫ | MR 21 થી MR 32 | ૧૬/૮/૨૦૧૮ | ૧૨:00 થી ૧૪:00 |

| | | | |
|---|---|---|---|
| ૬ | BD 1 થી BD 12 | ૧૬/૮/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૭:૦૦ |
| ૭ | BD 13 થી BD 24 | ૧૮/૮/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | DD 1 થી DD 9 | ૧૮/૮/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૭:૦૦ |
| ૯ | DD 10 થી DD 18 | ૨૦/૮/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૦ | DD 19 થી DD 27 | ૨૦/૮/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૧ | PLAN 1 થી PLAN 10 | ૨૧/૮/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૨ | PLAN 11 થી PLAN 19 | ૨૧/૮/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૩ | DDRS 1 થી DDRS 6 | ૨૩/૮/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૪ | DDRS 7 થી DDRS 12 | ૨૩/૮/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૫ | ડી.પી.સેલ શાખામાં પગાર બિલ રજુ ન થતા હોઇ તેવી સંસ્થાઓ | ૨૪/૦૮/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૭:૦૦ |

વધુમાં જણાવવાનું જે જગ્યાઓ મંજુર થયેલ છે તેના આધાર પુરાવા તરીકે અત્રેની કચેરીના જગ્યા મંજૂરી આદેશની ઝેરોક્ષ નકલ અને રોસ્ટર રજિસ્ટર અલગથી સાથે લાવવાનુ રહેશે તેમજ ૧૧ માસ કરાર આધારિત અને આઉટસોર્સિંગ (વર્ગ-૪)ની જગ્યાઓ ભરવા અત્રેથી મંજુરી મળેલ હોય તે આદેશની નકલ પણ અલગથી લાવવાની રહેશે

વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત અપગ શાખા હસ્તકની જે સંસ્થાઓના પગાર બિલ ડી.પી.સેલ શાખામાં રજુ કરવામાં આવતા ન હોવાથી ડી.પી.સેલ શાખાએ કોડ નંબર ફાળવેલ ન હોય પરન્તુ સંસ્થાઓમાં કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી જગ્યાઓ ભરવા મંજુરી અત્રેથી આપેલ હોવાથી ઓડિટ સમયે ગ્રાન્ટ ગણત્રી મેમામાં પગારની ગ્રાન્ટ મંજુર કરવામાં આવતી હોય તેવી સંસ્થાઓના સંબધિત કર્મચારીએ પણ માહિતી સાથે હાજર રહેવુ (સીપીડી/વૃ.પે. શાખા હસ્તકની સંસ્થાઓએ માહિતી મોકલવાની રહેતી નથી)

ઉપરોક્ત મંગાવેલ માહિતીના પત્રકો જે તે સંસ્થાના Email Adress ઉપર અત્રેથી મોકલેલ છે.

સંબધિત સંસ્થાના કર્મચારીએ અત્રે હાજર રહી પોતાની સંસ્થાની માહિતી કોમ્પ્યુટરાઇઝ કરાવ્યા બાદ જ પેન ડ્રાઇવ પરત મેળવી અત્રેથી કચેરી છોડવાની રહેશે તેમજ તમામ સંસ્થાઓની માહિતી કોમ્પ્યુટરાઇઝ થયા બાદ જ અત્રેથી સ્વૈ.સંસ્થાઓના કર્મચારીઓને નવા પગાર ધોરણ મુજબ પગાર ચૂકવવા હિસાબી અધિકારીશ્રી, ડી.પી.સેલ શાખાને મંજુરી આપવામાં આવશે જેની નોંધ લેવી.

**સ્થળપ્રત ઉપર નિયામકશ્રીની સહી છે.**

**નિયામકશ્રી**
**સમાજ સુરક્ષા ખાતુ,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**નકલ રવાના:-** (૧)વિકલાંગ કલ્યાણ ક્ષેત્ર કામગીરી કરતી સર્વે સ્વૈ.સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓને માહિતી મોકલી આપવા

(૨) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિશ્રીઓને તેમના તાબા હસ્તકની સ્વૈ.સંસ્થાઓની માહિતી મોકલવા જાણ અર્થે

C:\Users\ADMIN\Desktop\payal.doc(naresh